નારાયણ સાધિકાઓનું જાતીય શોષણ કરી બ્લુ ફિલ્મ ઉતારતો

કોર્ટમાં સાંઈના વિશ્વાસુ સાગરિત હનુમાનના નિવેદનના આધારે પોલીસનો દાવો: સાંઈ યુવતિઓને બ્લેકમેલ કરતો

સુરત, તા.૨૪

સાધિકાઓના શોષણ અને બળાત્કારના આરોપી નારાયણ સાંઈ ભાગેડુ છે ત્યારે તેના વિશ્વાસુ સાગરીત હનુમાને એક ચોંકાવનારી માહિતી જાહેર કરી છે. નારાયણ સાંઈ જ્યારે સાધિકાઓનું જાતીય શોષણ કરતો ત્યારે તેની ફિલ્મ ઉતારી પાછળથી તેણીને બ્લેકમેલ કરાતી હતી એવો ગંભીર દાવો સુરતની કોર્ટમાં પોલીસ દ્વારા એક સાક્ષીના નિવેદનને આધારે કરવામાં આવ્યો છે.

મહત્વનું છે કે આ આરોપ નારાયણ સાંઈના વિશ્વાસું સાથી ગણાતા કૌશલ ઠાકુર ઉર્ફે હનુમાન ઉપર લગાડવામાં આવ્યો છે. સુરતની યુવતી પર બળાત્કારના કેસમાં નારાયણ સાંઈની આગોતરા જામીન અરજી ફગાવાયા બાદ નારાયણ સાથે ફરાર થયેલા તેના વિશ્વાસું સાથી ગણાતા કૌશલ ઠાકુર ઉર્ફે હનુમાને કરેલી આગોતરા જામીન અરજી પણ નામંજુર કરી હતી. ફરિયાદી પીડીતાને જહાંગીરપુરા આશ્રમમાં નારાયણની કુટિયામાં લઈ જવા ઉપરાંત આરોપી નારાયણ સાંઈના દુષ્કૃત્યોમાં હનુમાનની સક્રિય ભુમિકા જોતાં તેનું કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી છે.

જો કે તેનાથી પણ વિશેષ પોલીસે એક એવો ખુલાસો પણ કર્યો હતો જે ચોંકાવનારો હતો. કેસના સાક્ષીના નિવેદન મુજબ નારાયણ સાંઈની જ્યાં પણ સત્સંગ શિબીરો થતી હતી ત્યાં નારાયણ નવી નવી છોકરીઓ સાથે રંગરેલીયા મનાવતો હતો. આ છોકરીઓની વ્યવસ્થા મોનિકા અગ્રવાલ અને હનુમાન કરતાં હતા. છોકરીઓનું બ્રેઈનવોશ કરવામાં આવતું હતું અને નવી છોકરીઓ તૈયાર થાય એટલે તેમનું શારીરિક શોષણ કરી તેમની બ્લ્યુ ફિલ્મ બનાવવાનું કામ કરતાં હતા. છોકરીઓ જ્યારે પણ નારાયણ પાસે જવા તૈયાર ન થાય ત્યારે તેમને આ બ્લ્યુ ફિલ્મ બહાર પાડી દેવાની ધમકી આપી તેમને જાતીય શોષણ માટે મજબૂર કરવામાં આવતી હતી.

ચાર વિભાગોમાં મહત્તમ પેન્શન કેસો પડતર : પડતર કેસોનો નિકાલ કરવા તાકીદ

ગાંધીનગર, તા.૨૪

સરકારી કર્મચારીઓના પડતર પેન્શન કેસોનો ઝડપી નિકાલ કરવા માટે તમામ વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે. રાજયના પાંચ વિભાગો એવા છે જેમાં સૌથી વધુ પેન્શન કેસો પડતર છે.

નાણાં વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પડતર પેન્શન કેસો અને તેના ઝડપી નિકાલ માટે એક સમીક્ષા બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં નાણાં વિભાગના આર્થિક બાબતોના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે ગૃહ વિભાગ, નર્મદા જળસપંત્તિ પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ, શિક્ષણ વિભાગ તેમજ મહેસૂલ વિભાગમાં મહત્તમ પેન્શન કેસો પડતર છે.

તેમણે આ બેઠકમાં એવું પણ જણાવ્યું હતું કે નિવૃત્ત થનાર અધિકારી કર્મચારીના કિસ્સામાં નાણા વિભાગ દ્વારા સૂચવાયેલ સમય મર્યાદા પ્રમાણે પેન્શન કેસો રજુ કરવામાં આવે અને બે વર્ષમાં નિવૃત્ત થનાર કર્મચારીના કિસ્સામાં સેવા વિષયક દસ્તાવેજો યોગ્ય રીતે અદ્યતન થાય તેવી કાળજી લેવામાં આવે અને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક લોકલ ફંડ દ્વારા પેન્શન કેસોમાં કરવામાં આવતી પૃચ્છાઓની સત્વરે પૂર્તતા થાય તે પણ જરુરી હોવાની વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

વહીવટી કારણોસર અંદાજે ૪૨૫ જેટલા પેન્શન કેસો પડતર છે. આવા પડતર પેન્શન કેસોના ઝડપી નિકાલ માટે વિભાગના સચિવે તેમની કક્ષાએ પ્રત્યેક કેસની સમક્ષા કરીને તેનો સત્વરે નિકાલ કરી શકાય તે માટે વિભાગવાર અને કર્મચારીવાર વિગતો તૈયાર કરાવડાવીને સંબંધિત સચિવને નિયામક પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ દ્વારા મોકલી આપવામાં આવશે.

નિવૃત્ત થનાર કર્મચારી અધિકારીના પડતર ખાતાકીય તપાસના કેસોની સમયાંતરે સમીક્ષા કરવા નિવૃત્ત થયેલા કર્મચારી અધિકારીના કોર્ટ કેસોની સતત સમીક્ષા કરવા પડતર પેન્શન કેસોમાં તાત્કાલિક કામચલાઉ પેન્શન ડી.સી.આર.જી. મંજુર કરવા અને પડતર પેન્શન કેસોનો તાત્કાલિક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક લોકલ ફંડને મોકલી આપવામાં આવે તો પડતર પેન્શન કેસોના નિકાલમાં ચોકકસ ઝડપ લાવી શકાશે એવું સૂચવવામાં આવ્યું હતું.

જે વિભાગના સચિવો દ્વારા ખાતાના વડા સાથે પડતર પ્રશ્નોના નિકાલ માટે બેઠકો યોજવામાં આવે છે તેમાં પડતર પેન્શન કેસોનો મુદ્દો આવરી લેવા અને આવી બેઠકમાં પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામક લોકલફંડના પ્રતિનિધિને હાજર રાખવામાં આવશે તો પડતર પેન્શન પ્રશ્નોના નિકાલ માટે નાણા વિભાગ માર્ગદર્શન પુરું પાડવા માટે તૈયાર હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પોલિસ અધિકારી સાથે આગામી સમયમાં પડતર પેન્શન કેસોના નિકાલ માટે એક કેમ્પનું પણ આયોજન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં સ્ત્રીઓની સલામતિ કોઈ ખાતરી જ નથી : ઝડફીયા

સ્ત્રી દાક્ષિણ્યની વાત કરતાં મોદીના મતક્ષેત્રમાં જ પોલીસ બેશરમ બની : ગુજરાતમાં કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ

અમદાવાદ, તા.૨૪

મણીનગરમાં ગુજરાત પરીવર્તન પાર્ટી દ્વારા મોદીના ગઢમાં રોડ પર પડેલા ગાબડા સામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં મહિલા કાર્યકરો સાથે પુરૂષ પોલીસ ગેરવર્તન કરતાં હોબાળો મચી ગયો છે તેમજ જીપીપી દ્વારા તેનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે.

આ અંગે જીપીપીના મહામંત્રી ગોરધન ઝડફીયા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી મહિલા સુરક્ષાની પોકળ વાતો કરે છે. એમના પોતાના મત વિસ્તારમાં ગઈ કાલે જીપીપી દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો જ્યારે પુરૂષ પોલીસે મહિલા સાથે વિનયભંગ કર્યો હતો. અમે તેમની સામે પગલા ભરવાની માંગ કરવાના છીએ.

મોદીની સ્ત્રી દાક્ષિણ્યની વાતનો ચહેરો ખુલો પડી ગયો છે પોલીસ ઉઠીને આ ધંધો કરે અને બેશરમ થઈ જાય તે શાંખી નહીં લેવાય. તેમણે મોદીનો ઉઘડો લેતા જણાવ્યું હતું કે, કાર્યકરો પર ૧૮૮ની કલમ લગાવવામાં આવી છે. આ કલમ પણ લખવામાં આવે છે પરંતુ આ કાર્યકરો કોઈ ગુનેગારો નથી કે, તેમની સાથે આવું વર્તન કરવામાં આવે છે. આ એક આંદોલન તોડી પાડવાનું કાવતરું છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે, રાજયમાં વર્ષના ૩૦૦ દિવસે ૧૪૪નો ભંગ કરે, તો લાગે છે. જેમાં જામીન આપવા પડે અને બધાના નામ તો ૧૪૪ લાગુ હોય છે. હકીકતમાં તે ઉત્સવો અને મેળા પુરતી જ લગાવવી જોઈએ. પરંતુ ગુજરાતમાં કટોકટી લાગી ગઈ છે.

મોદીની સ્ત્રી દાક્ષિણ્યની વાતો ખોટી છે : ઝડફિયા

ઝડફીયાએ મોદીની સ્ત્રી દાક્ષિણ્યની વાતોનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે, તેમના જ મત વિસ્તારમાં મહિલાઓ સાથે આવુ વર્તન થાય, તે કોઈ રીતે શાંખી લેવાય નહીં. અમે આવતી કાલે આની સામે કાર્યક્રમ આપીશું. નરેન્દ્ર મોદીની મહિલા દાક્ષિણ્યની વાતનો ચહેરો ખૂલો પડી ગયો છે. પોલીસ ઉઠીને આ ધંધો કરે અને બેરશમ થઈ જાય, તે યોગ્ય નથી. આ સરકારમાં કોઈની સલામતી નથી. પોલીસ અભદ્ર વ્યવહાર કરે તે કોઈ જ રીતે સાંખી નહીં લેવાય.

પ્રદેશ ભાજપા સંવાદ સેલની બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૨૪

પ્રદેસ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ પ્રદેશ કાર્યાલય ખાતે સંવાદ સેલના બેઠક પ્રદેશ કન્વીનરશ્રી ડૉ. પરાગભાઈ શેઠની અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં સંવાદ સેલના રાષ્ટ્રીય કન્વીનર શ્રી પારીતોષભાઈ વ્યાસ અને વિવિધ સેલના પ્રદેશ સંયોજકશ્રી ડૉ. અનીલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રદેશ કક્ષાની બેઠકમાં ડૉ. અનીલભાઈ પટેલે જુદા જુદા જિલ્લા/મહાનગરોમાંથી આવેલા સંવાદ સેલના કાર્યકર્તાઓને અલગ અલગ રીતે સંવાદ કેવી રીતે પ્રસ્થાપિત થઈ શકે તે અંગે માહિતગાર કર્યા હતા અને આ પ્રસંગે સંવાદ સેલની વેબસાઈટ (www. bjpsamvadcellguj. com) નું ઉદઘાટન કરવામાં આવેલ. તેમજ આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને તમામ જિલ્લા/મહાનગર સ્તરે બાકી રહેલી સંવાદ સેલની નિમણુંકોને પુરી કરવા ઉપર ભાર મુકયો હતો.

ઉપરોકત બેઠકમાં હાજર સંવાદ સેલનાં રાષ્ટ્રીય સહકન્વીનર શ્રી પારીતોષભાઈ વ્યાસે આગામી યોજાનારી લોકસભાની ચૂંટણીમાં સંવાદ સેલની કામગીરી ખૂબ જ અસરકારક નીવડશે તેવી આશા વ્યકત કરી હતી.

સર્વસમાવેશક વિકાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગટરલાઈનોના નિર્માણને અગ્રતા આપવામાં આવી રહી છે. શાળા-આરોગ્ય ચકાસણીનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પણ ચાલુ છે તેમાં પહેલીવાર ૦ થી ૬ વર્ષની આયુના બાળકોને પણ આવરી લેવામાં આવ્યા છે.

સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. મંત્રીશ્રીએ રૂ. ૧.૨૫ કરોડના ખર્ચે આકાર પામનાર ટાઉનહોલમાં આયોજન મંડળની ગ્રાન્ટમાંથી રૂ. ૨૫ લાખની વિશેષ ફાળવણી કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

નવું વર્ષ, નવી નોટોની જેમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરેક ક્ષેત્રનો વ્યાપ-એવોર્ડ-પુસ્તકો વગેરેની માહિતી અહીં લખવા કરતાં એમના એકાદા પુસ્તકનાં ત્રણ-ચાર પાનાં કે એમની વેબ સાઈટ પરથી આ વટ વાંચી લેવા જરૂરી, એમણે કરેલાં કાર્યો કરતાં આજે કિંધેલી વાતને ટાંકવા આ નવો વિચાર અપનાવી લીધો.

કાજલ ઓઝા-વૈદ્ય 'નવો વિચાર-નવી આશા'ને દરેક વસ્તુ કે ક્ષણ સાથે સંબંધ છે. 'ન્યૂ પ્રોડક્ટ ન્યૂ માર્કેટ-ઓલ્ડ પ્રોડક્ટ ન્યૂ માર્કેટ' જેવા વિવિધ ફ્રેઝેગરીમાં આને વર્ણવવામાં આવે. દરેક જણ સતત નવી વસ્તુઓ માટે તલપાપડ હોય છે. બાળકને નવાં નવાં રમકડાં જોઈએ છે. નવું વર્ષ નવાં ૩૬૫ કોરા દિવસોલઈને આવેછે. નવી નોટોનું બંડલ જેમ ગમે એમ નવાં દિવસોય ગમાડવાં કે સાચવવાં જેવાં છે. એસ.એમ.એસ. કે જેને જ્ઞાનનાં સમાચાર ફોરવર્ડ કરાય છે, એબપોર સુધી તો મોકલનારોય ભૂલી જાય છે...

લેટેસ્ટ ગેજેટ્સ ઘરમાં ઘુસી ગયાં છે. બધું ડિઝીટલ બની રહ્યું છે. 'એક સાંજને સરનામે'ની વાર્તાના પ્રસંગનો ઉલ્લેખ સુખના સંદર્ભમાં કર્યો. સાસુ 'સાધન-સગવડ-સુવિધા આપું પણ સુખી રહેવાનું તો દીકરીનાં પોતાનાં હાથમાં જ છે.' અને એ એણે જાતે જ થવું પડશે... એક જ ઘરમાં બંન્ને જણા ટીવી કે મોબાઈલ પર હોય છે. હનીમુન માટેય બેફપલો કંપની માટે મેગાંજાય છે. સંબંધો સુંદર વસ્તુ છે. જે કાંઈ છે રિસપોન્સ અને રિસપોન્સીબલ એટલે કે પોતાનાં વર્તન પર બીજાનું વર્તવું આધારીત છે. કર્મ અને કર્તવ્યથી પોતાનામાં જીવે છે. પૈસા કમાવવાં ઉત્તમ વસ્તુ છે, પણ એ પછી શું? વ્યવસ્થા વિચારવાની છે...

નવી ગાડી લેવાં જઈએ ત્યારે સુંદરતા, લંબાઈ, સુવિધા જોવાય છે એન્જિનની માહિતી કેટલાં મેળવે છે? શરીરની સુંદરતા દેખાવ જુવે પણ એનાં એન્જિન હૃદયમાં ધબકારાનું શું? સુંદરતા એ આપણાં હાથમાં નહી આપણાં ડી.એન.એ.ના કારણે છે. આપણું નામ-સરનેમ આપણને મળેલાં છે, એનો ગર્વ શું કામ ? આપણું અસ્તિત્વ કોકની આપેલી ભેટ છે. આપણે બીજાને શું આપ્યું?, આપણે જ બીજા પાસે અપેક્ષા રાખીએ છીએ... કાજલની વાણીમાં શ્રોતાઓ ગળાડુબ હતાં, વાતનો પ્રવાહ, સૌને સ્પર્શે એવો, પોતીકી વાતોનો હતો...

પૂર્વગ્રહો, હઠાગ્રહો, દુરાગ્રહો, આગ્રહોએ મોટાં નડતર છે. દૂર બેઠેલાં ગ્રહો આપણને ક્યારેય નડવાનાં નથી એની વિધી-જાપ-બાધા કરવાને બદલે આ ગ્રહોનું નડતર દૂર કરવાં જેવું છે. જુની વસ્તુ - જુના વિચારો ખસેડીએ તો નવાં વિચારો માટે નવી જગ્યા થશે. આપણાં પૂર્વજોની વસ્તુ એ યાદગીરી નથી, મેમરી હૃદયમાં હોય છે વસ્તુમાં નહી. સ્મૃતિ જ જતી રહે તો શું બચે? દુઃખદ યાદોના પોટલાં વિક્રમ-વેતાળની જેમ લઈ સૌ ફરતા હોય છે. 'હું એને ક્યારેય માફ નહીં કરું' નો ભાર આપણાં માથે હોય છે. એને તો યાદ પણ હોતુ નથી. 'આવું મારી જ સાથે કેમ થાય છે ?' આર્થરક એશની વિમ્બલડનની વાત, કોઈ માણસ જરૂરીયાતનું લીસ્ટ આપણી સમક્ષ મુકે તો કેવું લાગે ? એવું જ ભગવાનનું છે. સુરેશ દલાલની વાત ટાંકી 'ભગવાન પણ કાચ ચઢાવી લેશે'નો પ્રસંગ... જાવેદ અખ્તરનો શેર 'મેરા ઔર તેરા એક ગામ હે. મેરે ઘરમેં એક કમરા કમ હૈ' દરેકનું ઓછા હોવાનું દુઃખ છે. દાન-પૂણ્યનો મહિમાં છે પણ આપનારને એનો એહસાસ ન થાય એમ દાન આપીએ. વસ્તુઓ મળી જાય છે, પણ સમયદાન શ્રેષ્ઠ છે. કોકને સમય આપી સ્નેહ-સમજણથી સાંભળીએ તોય હૂંફ મળે. દરેક માણસને સમયનો અભાવ છે. 'ટાઈમ ક્યાં છે ?' સંતાનોને પૈસા કેમ ખર્ચવા એ પણ શિખવવું પડશે, નહીં તોએ અભિમન્યુના કોઠાની જેમ ભરાઈ પડશે. સંબંધોમાં ઈનવેસ્ટમેન્ટ છે. વેસ્ટ ના કરાય. ટીવીમાં ચાલુથી બંધ થાય ત્યાં સુધી સુંદર થવાની જાહેરાતનો મારો છે. સંસ્કૃતિ રૂદ્રાક્ષની છે એમની દ્રાક્ષની...

ગાંધીનગરને સંપત્તિને સત્તાની સાથે સુંદરતા જોડી દો. આપણે માણસ થવાનો પ્રયત્ન કરીએ. સંસ્થામાં દાન કરો પણ આજુબાજુમાં કામ કરતાનોય ખ્યાલ કરો. જિંદગી ખુબ સિમ્પલ છે આપણે એને કોમ્પ્લેક્ષ કરીએ છીએ. ધર્મરાજ યુધિષ્ઠીરને યક્ષ પ્રશ્ન કરે છે કે દૂનિયાનું મોટુ આશ્ચર્ય કયું છે ? મરી જવાનું નિશ્ચિત છે છતાંય અમરની જેમ જીવે છે' બચ્ચનનો ક્વોટ સીખના બંધ તો જીતના બંધ' ટી.વી., રેડિયો, મોબાઈલનો અવાજ બંધ થશે તો અંદરનો અવાજ સંભળાશે. નવું વર્ષ શાંતિના અનુભવનું વર્ષ છે. જાત સાથે સમય ગાળવો. સમજદાર હશોતોસ્નેહાળ બનશો. રિક્ત થઈએ, સ્પષ્ટ થઈએખોતાને સમય આપીએ, 'નવો વિચાર-નવી આશા'નો નવા વર્ષનો પુરોઅદ્રક્ષ્ટ કાજલ ઓઝા વૈદ્યે ભોગ ધરાવી દીધો.

ટાઈમ લાઈન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્કી કરવામાં આવ્યું છે. સરકાર માન્ય પ્રાઈવેટ ટ્રાન્સપોર્ટ સેવા ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ છે. સરકારના આ પ્રયાસમાં ગાંધીનગરની વિટકોસ સર્વિસ મોડેલ બની શકે છે.

એસ.ટી. નિગમ લાંબા અને ટૂંકા અંતરની સર્વિસ ચલાવે છે, પરંતુ શહેરો વચ્ચેની સર્વિસમાં તે ખોટ અનુભવે છે તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરા જેવા શહેરોમાં ખાનગી બસોને પરમિશન આપવામાં આવે છે તેમ હવે રૂર્બન ગામોને પણ આ સુવિધા પહોંચાડવાનું સરકારનું લક્ષ્ય છે. આ અગાઉ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની સરકારમાં ખાનગી એસ.ટી. સર્વિસ ચલાવવાની દરખાસ્ત થઈ હતી પરંતુ તે સમયે એસ.ટી.ના યુનિયનોએ વિરોધ કરતાં આખો પ્રોજેકટ પડતો મુકાયો હતો. પરંતુ આજે એસ.ટી. યુનિયનો અને સરકાર વચ્ચે કોઈ વિખવાદ નથી તેથી સરકારનું સ્વપ્ન સાકાર થાય તેમ છે...

ડિસેમ્બરમાં સચિવાલય સૂમસામ હશે...

સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ માટે આખું વર્ષ સરદાર પટેલને ગુજરાત જ નહીં, ભારતના તમામ રાજયો યાદ કરશે, કારણ કે ડિસેમ્બર મહિનામાં ગુજરાતની એક આખી ટીમ લોખંડના ખેત ઓજારો એકત્ર કરવા વિવિધ રાજયોના પ્રવાસે જવાની છે. આ ટીમમાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, સંસદસભ્યો, પ્રદેશના પદાધિકારીઓ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખો જોડાવાના છે. આ પ્રોજેકટ માટે અલગ અલગ રાજયો માટે અલગ અલગ ટીમ ઉભી કરી દેવામાં આવી છે. આ ટીમો અનુકૂળતાએ રાજયોના પ્રવાસે જવાની છે.

મોદીએ ગુજરાતમાં ફરજ બજાવતા આઈએએસ અધિકારીઓ, આઈપીએસ અધિકારીઓ તેમજ આઈએફએસ અધિકારીઓને પણ આ અભિયાનમાં જોડયા છે. એટલે કે ડિસેમ્બર મહિનામાં ગુજરાત ટીમ ભારત ભ્રમણમાં છે, તેથી સચિવાલયનું કોઈ કામ હોય તો જાન્યુઆરી મહિનામાં આવજો..! સરકારમાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કૃષિમેળા, ખેલ મહાકુંભ, વાયબ્રન્ટ સમિટ, ગરીબ કલ્યાણ મેળા, તાલુકા સરકાર, ગ્રામસભા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ પછી હવે લોખંડ અભિયાન શરૂ થયું છે. સચિવાલયના એક અધિકારીના કહેવા પ્રમાણે વહીવટી તંત્રનો ગ્રામ્યસ્તર સુધીનો વિશાળ પાયે ઉપયોગ ભૂતકાળમાં કયારેય પણ થયો નથી...

અડવાણીની કરસેવા સામે મોદીની લોહ સેવા...

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીએ કરસેવા કરી હતી. દેશભરમાંથી હિન્દુ ભકતો કરસેવા કરવા અયોધ્યા પહોંચ્યા હતા. ૧૯૯૧-૯૨માં હિન્દુત્વનો એક જુવાળ હતો. બાબરી ધ્વંશ બાદ ભાજપ હિન્દુત્વના નામે મત માગવા નિકળ્યો હતો, હિન્દુકાર્ડથી કેટલાક રાજયોમાં ભાજપને લાભ થયો પણ દિલ્હીમાં સત્તા મળી શકી નહીં. આજે ભાજપનો ચહેરો બદલાયો છે. હિન્દુત્વની રાહ છોડીને ભાજપ કોંગ્રેસના કલ્ચરમાં રંગાઈ રહ્યો છે. ચૂંટણી પ્રચારમાં મુસ્લિમોને યાદ કરે છે. 'ટેમ્પલ પહેલાં ટોયલેટ'ના મોદીના સૂત્રને સંઘ પરિવારના નેતાઓ પણ આવકારે પણ છે...!

ભાજપમાં અડવાણીના સ્થાને નરેન્દ્ર મોદી છે. સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે આખા દેશના પાંચ લાખ કરતાં વધુ ગામોમાંથી લોખંડના ખેત ઓજારો એકત્ર કરવા માટે તેમણે ગુજરાતના લોકોને રાજય બહાર મોકલવાનું નક્કી કર્યું છે. એક અધિકારીએ કહ્યું હતું કે 'ભાજપે રામ મંદિર માટે કરયાત્રાના બહાને દેશભરમાંથી ઈંટો ઉઘરાવી હતી તેમ હવે ૨૨ વર્ષ પછી મોદી સ્ટેચ્યુ માટે લોખંડ એકત્ર કરી રહ્યા છે. સરકાર ટનબંધ લોખંડ એકત્ર કરવાની ઈચ્છા રાખે છે. આને કહેવાય કરયાત્રા સામે લોહયાત્રા...'

સરકારમાં મહાત્મા મંદિર જેવું ઝૂનૂન નથી રહ્યું...

મહાત્મા મંદિરનું નિર્માણ કર્યું હતું તેમાં સરકારે ગજબનો જુસ્સો દાખવ્યો હતો. આ મંદિરની મજબૂત ઈમારત માત્ર ૧૮૨ દિવસમાં ટૂંકા સમયમાં ઉભી કરી દેવામાં આવી હતી. આ પ્રકારનું ઝૂનૂન ગિફ્ટ સિટી કે મેટ્રો પ્રોજેકટમાં દેખાતું નથી. બંને વિશાળકાય પ્રોજેકટ અત્યંત ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. સરકાર ઈચ્છે તો કોઈ પ્રોજેકટ છ મહિનામાં ઉભો થઈ શકે અને ઈચ્છાશક્તિ ન હોય તો છ વર્ષ પણ નિકળી જાય છે. અમદાવાદ- ગાંધીનગર મેટ્રોરેલમાં છ વર્ષ તો નિકળી ગયા છે. આપણા કરતાં રાજસ્થાનનું જયપુર આગળ નિકળી ચૂક્યું છે, જ્યાં મેટ્રોરેલ શરૂ પણ થઈ ગઈ છે. મુંબઈમાં મેટ્રોરેલનું આયજોન મક્કમગતિએ છે. આપણે ત્યાં હજી ફાઈલો અને મિટીંગોમાં પ્રોજેકટ અટવાયેલો છે.

રાજય સરકારના અધિકારીઓ ચાઈના, જર્મની અને જાપાન જઈને ત્યાંના પ્રોજેકટના વખાણ તો કરે છે પણ તેના જેવી ટેકનોલોજી લાવી શકતા નથી.. હમણાં જ ડિસ્કવરી ચેનલે દર્શાવ્યું છે કે ચાઈના એ ગિફ્ટસિટી જેવા એક બિલ્ડીંગનું નિર્માણ માત્ર ૧૪ દિવસમાં કરી દીધું છે અને તેમાં ઉપલબ્ધ સ્પેસ ભરાઈ રહી છે. જ્યારે આપણે ગિફ્ટ સિટીમાં હજી પૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરી શકયા નથી. બે ઉંચા ટાવર બનાવ્યા છે પણ ખાલીખમ પડ્યા છે. બીજી ઈમારતો ઉભી કરવામાં હજી પ્રાઈવેટ કંપનીઓને ફાયનાન્સિયલ સપોર્ટ મળી શકતો નથી...

લોકસભામાં ગુજરાત પેટર્નનો ઉપયોગ....

લોકસભામાં ચૂંટણીમાં ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી ગુજરાતની પેટર્નનો ઉપયોગ કરી રહ્યાં છે. ગુજરાતમાં છેલ્લી ત્રણ ટર્મથી ચૂંટણી લડી રહેલા મોદીએ જે રાજકીય શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે તે શસ્ત્રો ભારતની ચૂંટણીમાં થાય તેવી શકયતા છે. ગુજરાતનું વિકાસ મોડેલ, યુપીએ સરકાર ઉપર પ્રહાર, બુથલેવલ મેનેજમેન્ટ, ભારતના વિકાસનો રોડમેપ તેમજ કોંગ્રેસ અને અન્ય મજબૂત પાર્ટીઓના નેતાઓને ભાજપમાં જોડવાનું અભિયાન...

આ બધાં શસ્ત્રોનો ઉપયોગ છૂટથી કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીએ તેમના નેતાઓને સંભાળવવાની જરૂર ઉભી થશે, કારણ કે ગુજરાતમાં ચૂંટણીના સમયે કોંગ્રેસના ધૂરંધર નેતાઓએ છેલ્લી ઘડીએ ભાજપની રાહ પકડી છે જેનો સીધો લાભ ચૂંટણી જીતવામાં થયો છે. કોંગ્રેસ માને કે ન માને, નરહરિ અમીન અને વિઠ્ઠલ રાદડિયા જેવા નેતાઓએ કોંગ્રેસને મોટું નુકશાન કર્યું છે.

વિપક્ષ કેમ વહીવટી તંત્રનો ઉપયોગ કરતું નથી...

ગુજરાતમાં અમરસિંહ ચૌધરી જ્યારે વિરોધપક્ષના નેતા હતા ત્યારે તેઓ રાજયના ચીફ સેક્રેટરી સાથે સીધી વાત કરતા હતા. તેમનો એક ફોન જાય અને ચીફ સેક્રેટરી જી, સર.. કહીને આદેશનું પાલન કરતા હતા. આજે તેવું કેમ નથી? અમરસિંહ પછી કોંગ્રેસમાં ચાર વિરોધપક્ષના નેતાઓ આવી ગયા પરંતુ તેઓએ વહીવટી તંત્રનો ઉપયોગ કર્યો નથી. આ પદએ કેબિનેટ રેન્કનું હોય છે.

સરકારમાં શાસક પક્ષ જેવા નહીં પણ તેનાથી થોડા ઓછા પાવર વિરોધપક્ષના નેતાને મળે છે. તેનો ઉપયોગ થવો જોઈએ. ગુજરાતમાં કોઈ ઈસ્યુ અંગે વિપક્ષી નેતા ડાયરેકટ ચીફ સેક્રેટરી કે વિભાગના સેક્રેટરી સાથે વાતચીત કરી શકે છે. આશ્ચર્યએ છે કે વિરોધપક્ષ આ સરકારમાં તેના હક્કનું પણ મેળવી શકતો નથી. વિધાનસભાના ડેપ્યુટી સ્પીકરનું પદ પણ કોંગ્રેસે ગુમાવ્યું છે... ભાજપના એક નેતા કહે છે કે કોંગ્રેસના નેતાઓમાં સત્તાની સાથે ખુમારી પણ ચાલી ગઈ છે...

નરહરિને જોતાં કોંગ્રેસ સરકારની યાદ...

સચિવાલયમાં નરહરિ અમીનને સરકારી ખુરશી ઉપર જોઈને મૂળભૂત કોંગ્રેસના પરંતુ ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓને હરખ થયો છે. એક નેતાએ તો ત્યાં સુધી કહી દીધું કે અમે સાહેબને અહીં જોઈએ છીએ તો કોંગ્રેસની સરકાર યાદ આવી જાય છે. ચાલો એક ફાયદો એ તો થયો કે અમારે અહીં સચિવાલયમાં બેઠક શરૂ થઈ છે. બીજી તરફ નરહરિ અમીને ગુજરાત આયોજન પંચના અધિકારીઓની બેઠકો શરૂ થઈ છે. બીજી તરફ નરહરિ અમીને ગુજરાત આયોજન પંચના અધિકારીઓની બેઠકો શરૂ કરી છે અને ભૂતકાળમાં પંચે કરેલી અને અમલમાં નહીં મૂકાયેલી ભલામણો ઉપર પુનઃવિચાર કરી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે આયોજન પંચે ૧૯૯૯માં એક એવી ભલામણ કરી હતી કે, ગુજરાતના પેટાળમાં કેટલાક વિસ્તારોમાં ગરમ પાણીના ઝરા છે તેનો ઉપયોગ જીઓ થર્મલ વીજળી પેદા કરવા માટે થઈ શકે છે. પંચે રાજય સરકારને ૨૦૦૦ મેગાવોટના પ્લાન સાથેનો એક રિપોર્ટ આપ્યો હતો પણ કમનસીબે આ પ્રોજેકટ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની સરકારે અભેરાઈએ ચઢાવી દીધો હતો. નરહરિ અમીનને આ પ્રોજેકટ પસંદ આવ્યો છે અને તેઓ આ દિશામાં આગળ વધી રહ્યાં છે.

ભાજપના કાર્યકરોની દાદાગીરી

ટોલનાકા ઉપર ટોલ માંગતા ભડકેલ કાર્યકરે મારપીટ કરી

વૈષ્ણવદેવી ટોલનાકા પર કાર સવાર ૩ શખ્સોએ ભાજપનું કાર્ડ બતાવીને દાદાગીરી કરી : પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ, તા.૨૪

"અમે ભાજપમાં છીએ, અમો ટોલટેક્ષ નહીં ભરીએ...." કહીને વૈષ્ણવદેવી ટોલનાકા પર કારમાં સવાર બેથી ત્રણ શખ્સોએ ભાજપનું કાર્ડ બતાવીને દાદાગીરી કરી હતી. પરંતુ આ બાબતને અવગણીને ટોલનાકાવાળાએ ટોલટેક્ષ ભરવાનું સૂચન કરતાં ઉશ્કેરાયેલ કારમાં સવાર શખ્સોએ તેને મારમાર્યો હતો. આ અંગેની ફરીયાદ સોલા પોલીસ મથકમાં નોંધાય છે. જ્યાં પોલીસ અધિકારીઓ ગાડીના નંબરના આધારે તપાસના ચકો ગતિમાન કર્યા છે.

સોલા પોલીસ મથકના અધિકારી સાથે થયેલ ટેલિફોનીક વાતચીતમાં મળતી વિગત મુજબ, તા. ૨૨ નવેમ્બરના રોજ કારમાં સવાર બે થી ત્રણ શખ્સોએ વૈષ્ણવદેવી ટોલનાકા સરદાર પટેલ રીંગરોડ પર ભાજપના કાર્યકર્તા હોવાનું ક